INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી                                                                 તા. ૦૮-૦૪-૨૦૨૬

## ભાજપના ભ્રષ્ટ શાસન અને આદિવાસી વિરોધી નીતિઓથી કંટાળી દાહોદ જિલ્લા ભાજપના દિગ્ગજ આગેવાનો વિધિવત રીતે કોંગ્રેસમાં જોડાયા

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ શ્રી વિજયભાઈ દવે,

મીડિયા કન્વીનર ડો. મનીષ દોશી તથા કો-કન્વીનર શ્રી હેમાંગ રાવલ તથા ગુજરાત યુવક કોંગ્રેસના ઉપ પ્રમુખ શ્રી હર્ષદ નિનામાની ઉપસ્થિતિમાં આજે ભાજપના અગ્રણીઓએ વિધિવત રીતે કોંગ્રેસનો ખેસ ધારણ કર્યો છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના સન્માનનીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ ચાવડા અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરીએ કોંગ્રેસ પક્ષમાં વિધિવત રીતે જોડાઈ રહેલા તમામનું સ્વાગત કર્યું છે અને તેમને અભિનંદન પાઠવ્યા છે.

ભાજપની આદિવાસી વિરોધી નીતિ સામે અવાજ ઉઠાવવા આજે દાહોદ જિલ્લાના દિગ્ગજ આગેવાનો

* શ્રી મહેશભાઈ કુબાભાઈ મછાર: જિલ્લા પંચાયત સભ્ય (ચાકલીયા), પૂર્વ મહામંત્રી (ઝાલોદ તાલુકા ભાજપ) અને દાહોદ જિલ્લા ભાજપ શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન.
* શ્રી જયંતિભાઈ વીરસીભાઈ અંડ: પૂર્વ સરપંચ, ધોડીયા.
* શ્રી મોહનભાઈ ડામોર અને શ્રી દિનેશભાઈ નિનામા: ભાજપના સક્રિય આગેવાનો આજરોજ રાજીવ ગાંધી ભવન ખાતે કોંગ્રેસ પક્ષની વિચારધારા સાથે વિધિવત જોડાયા હતા.

શ્રી મહેશભાઈ મછારે જણાવ્યું હતું કે, ભાજપના મંત્રીઓ અને ધારાસભ્યો દ્વારા આચરવામાં આવતા ભ્રષ્ટાચાર અને આદિવાસી સમાજની અવગણનાથી કંટાળીને, સમાજના પ્રશ્નોના ઉકેલ માટે અમે કોંગ્રેસની વિચારધારાનો સાથ સ્વીકાર્યો છે.

આ પ્રસંગે ભાજપનો સાથ છોડીને કોંગ્રેસ પક્ષમાં જોડાયેલા આગેવાનશ્રીઓને આવકારતા મીડિયા કન્વીનર ડૉ. મનીષ દોશીએ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, સતત પ્રજાલક્ષી કાર્યક્રમો અને લોકો સાથેના જીવંત જનસંપર્કના કારણે આજે સમગ્ર રાજ્યમાંથી કોંગ્રેસ પક્ષને લોકોના આશીર્વાદ મળી રહ્યા છે. બીજી તરફ, ભારતીય જનતા પાર્ટીના ભ્રષ્ટ શાસનના પાપે ગુજરાત અને ગુજરાતીઓ સતત લૂંટાઈ રહ્યા છે. ખાસ કરીને અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસી પટ્ટામાં ભાજપના એક પછી એક કાંડ અને કૌભાંડો ખુલી રહ્યા છે. છોટા ઉદેપુરની નકલી કચેરી હોય કે દાહોદમાં ટ્રાઈબલ સબ-પ્લાનના નાણાં બારોબાર સગેવગે કરવાનું પાપ હોય, ભાજપના મંત્રીઓ અને સંત્રીઓએ લૂંટનો કારોબાર ચલાવ્યો છે. મનરેગા કૌભાંડ દ્વારા ગરીબોના હક છીનવવામાં આવ્યા છે. આદિવાસી સમાજને જંગલની જમીન, શિક્ષણ અને રોજગારના મળવાપાત્ર અધિકારોથી વંચિત રાખવાનું કામ આ સરકારે કર્યું છે. કોંગ્રેસે હંમેશા કમિટમેન્ટ સાથે આદિવાસી સમાજને વન અધિકાર કાયદો અને પેસા એક્ટ (PESA Act) દ્વારા મજબૂત બનાવવાની કોશિશ કરી છે.

હેમાંગ રાવલ
મીડિયા કોર્ડીનેટર અને પ્રવક્તા,